# ઓછા પડે વધારામાં, વાત સમજી શકો ઈશારામાં!

નરેનભાઈ રિટાયર્ડ થાઉં થાઉં હતા ને ઘરમાં એમને મળનારા પૈસાની ગણતરી શરૂ થઈ ગઈ! ગાય હજી વિયાણી નહોતી ને દૂધ કોણ પીશે ને માખણ કોણ ખાશે એની ચર્ચા નરેનભાઈના ઘરમાં શરૂ થઈ ગઈ.

ચર્ચામાં મુખ્ય તો એમના બન્ને દીકરા- હેમંત અને શશી. દીકરી છાયા પણ ખરી. હા, એમનાં પત્ની કેતકીને આમાં સહેજેય રસ નહોતો. આમ પણ પરણીને આવ્યા પછી એણે હપ્તા ભરવામાં જ આટલાં વરસો પસાર કર્યાં હતાં એટલે હવે એને પૈસાની નવાઈ નહોતી, તંગી નહીં રહે એટલું જ એ જાણતી હતી.

નરેનભાઈ ધોળકા કોલેજમાં પ્રોફેસર હતા. એમના શોખ પણ જબરા. પોતાના શોખ તો પૂરા કરતા જ પણ બન્ને દીકરાઓના ને દીકરીના શોખ પણ પૂરા કરતા. એમાં બાકાત રહેતી કેતકી. એને કોઈ કિંમતી વસ્તુ કે ઘરેણું નરેનભાઈ અપાવી શક્યા નહોતા.

રિટાયર્મેન્ટના ચારેક વરસ પહેલાં એમને યુનિવર્સિટીમાંથી પેપર તપાસવાના લગભગ પચાસ હજાર રૂપિયા મળ્યા ત્યારે બાળકો ખુશ થઈ ગયાં હતાં, એ પ્રસંગ એમને યાદ આવ્યો.

"પપ્પા," મોટા દીકરા હેમંતે કહ્યું, "આપણે એક સેકન્ડ હેન્ડ ગાડી લઈ લઈએ. આટલી રકમમાંથી આવી જશે. પછી બધે ફરવા પણ જવાશે."

"તું શોધી કાઢજે," નરેનભાઈએ કહેલું, "આપણે લઈ લઈશું, જા." હેમંત તો શોધવામાં રહ્યો પણ નાના દીકરા શશીએ એક ગાડી શોધી કાઢી. પિસ્તાલીસ હજારની સફેદ કલરની મારુતિ ફ્રન્ટી હતી. નરેનભાઈએ લઈ લીધી. ગાડીનો કલર ઝાંખો હતો એટલે એને કલર કરવા આપી. "એક વાત કહું?" કેતકીએ ગાડી કલરમાં મૂકી એ જ રાત્રે કહ્યું. "કહે ને," નરેનભાઈએ કહ્યું, "બોલ, શું વાત છે?"

"મને ભીમનાથદાદા પર બહુ શ્રધ્ધા છે," કેતકીએ વાતની શરૂઆત કરી, "અને ઘણા મહિના પહેલાં મેં ભીમનાથદાદાની માનતા માનેલી કે હે દાદા, જો જો અમારા ઘરમાં ચાર પૈંડાવાળું વાહન આવશે તો અમે ધક્કા મારીને ધોળકાથી ભીમનાથ તમારા દર્શને લાવીશું, પછી જ અમે બધાં એમાં બેસીશું."

"ઓહો" નરેનભાઈ હસ્યા, "ગાંડી છે તું, આવી બાધા રખાય? ધક્કા મારી મારીને દમ નીકળી જશે! છેક ધોળકાથી ભીમનાથ! લગભગ સિત્તેર કે એંસી કિલોમીટર થાય!"

"ભલે થાય," કેતકી બોલી, "પણ હું તો માનું છું કે મારી માનતાના લીધે જ આપણને ગાડી મળી છે."

"સારું," નરેનભાઈ બોલ્યા, "શનિવારે ગાડી આવી જશે કલરમાંથી એટલે આપણે રવિવારે વહેલી સવારના જ નીકળી જઈશું. હું છોકરાઓને કહી દઉં છું કે એમના મિત્રોને પણ સાથે રાખે. આ તો સારું થયું કે મારુતિ લીધી, જો ટ્રક લીધી હોત તો કેવી દશા થાત?"

બન્ને હસી પડ્યાં.

રવિવારે શશી સ્ટીઅરીંગ સંભાળીને ગાડીમાં બેઠો અને હેમંત અને એના બીજા એક-બે મિત્રોએ વહેલી પરોઢે ચાર વાગ્યે ધક્કા મારવાના શરૂ કરી દીધા.

સાંજ પડ્યે ધંધુકા પહોંચ્યા ત્યારે તો બધાં થાકી ગયાં હતાં. જો કે, શશી સિવાય ગાડીમાં કોઈ બેઠું ન હતું કેમ કે કોઈનેય ગાડી ચલાવતા આવડતું નહોતું!

ધંધુકામાં એમના મિત્ર સુલેમાનભાઈના ઘેર બધા રોકાયા, અને વહેલી સવારે ફરી એમણે પદ-ધક્કા યાત્રા શરૂ કરી દીધી.

દસેક વાગ્યે તો બધાં ભીમનાથ પહોંચી પણ ગયાં. આશુતોષ ગિરિબાપુને મળીને નરેનભાઈએ ગાડીની વાત કરી, પછી હસુભાઈ પૂજારી પાસે ગાડીની પૂજા કરાવી.

પૂજા પત્યા પછી છએ જણા ગાડીમાં ગોઠવાયા અને ગાડી મારી મૂકી ધોળકા તરફ. એ દિવસે બપોરના ધોળકા પહોંચી ગયાં ને હોટેલમાં બધાં જમ્યાં.

આ ઘટના યાદ આવતાંની સાથે નરેનભાઈને યાદ આવી ગયું કે, સાતેક વરસ પહેલાં પોતે અમદાવાદમાં ઓગણજથી આગળ વડસરમાં મિલિટરી કેમ્પથી આગળ એક સ્કીમમાં ફ્લેટ રાખેલો, હવે ત્યાં રહેવા જવાશે.

ફ્લેટના હપ્તા ભરવાની કાળજી તો કેતકીએ બરાબર રાખી હતી. બે વરસ પહેલાં જ ફ્લેટનું બાંધકામ પૂરું થયેલું.

હવે, રિટાયર્ડ થયા પછી ત્યાં જ રહેવા જવાનું નરેનભાઈએ મનમાં વિચારી લીધું.

નરેનભાઈ રિટાયર્ડ થાય એ પહેલાં તો હેમંતને અમદાવાદમાં એક બેન્કમાં નોકરી મળી ગઈ ને એની સાથે નાના દીકરા શશીને પણ અમદાવાદમાં એક પબ્લિશરને ત્યાં મેનેજર તરીકેની નોકરી મળી ગઈ.

એ બન્ને બાળકો અમદાવાદમાં મણિનગરમાં એક ફ્લેટ ભાડે રાખીને રહેવા ગયા. દીકરી છાયા એમને રાંધી ખવડાવવા માટે સાથે જ ગઈ. જો કે, હેમંત અને શશીની જેમ જ છાયા પણ ધોળકાથી જ ગ્રેજ્યુએટ થઈ હતી પણ એને નોકરી કરવામાં રસ નહોતો એટલે એ આખો દિવસ ઘરના કામમાં પરોવાએલી રહેતી.

છેવટે નરેનભાઈ રિટાયર્ડ થયા! એના છ મહિના પહેલાં સાતમું પગારપંચ આવી ગયું હતું એટલે એમનો પગાર છ મહિના સુધી સારો મળ્યો. જો કે પેન્શન પેપર એક વરસ પહેલાં તૈયાર કરેલા હોવાથી એમનું પેન્શન નજીવું બંધાયું. નરેનભાઈ તો મારતી બસે ગાંધીનગર પેન્શનઓફિસે પહોંચ્યા. ત્યારે જાણવા મળ્યું કે, પહેલા પેન્શન પછી સુધારો થઈ જશે ને નવું પેન્શન અમલી બની જશે. નરેનભાઈના બેન્કના ખાતામાં પેન્શનના રૂપાન્તરના, ગ્રેજ્યુઈટીના, રજાનું રોકડમાં રૂપાન્તરના એવા બધા મળીને પચીસેક લાખ રૂપિયા જમા થઈ ગયા! એક અઠવાડિયામાં તો નરેનભાઈ ને કેતકીબહેન ધોળકાનું ઘર ખાલી કરીને અમદાવાદ દીકરાએ ભાડે રાખેલા ફ્લેટમાં મણિનગર પહોંચી ગયાં.

જો કે એ ફ્લેટ નાનો હતો ને ધોળકાથી લાવેલો સામાન પણ એમાં મુકાયો એટલે દેરામાં દેવ માય નહીં ને પૂજારીનો પાર નહીં- એવો ઘાટ થયો.

નરેનભાઈએ નક્કી કર્યું કે હવે પોતાના વડસરના ત્રણ બેડરૂમના ફ્લેટમાં જ જવું પડશે. "કેતકી," એક રાત્રે એમણે કહ્યું, "આપણે રાજુને કહીને વાસ્તુનું મુહૂર્ત કઢાવીએ ને વહેલી તકે વડસર રહેવા જતા રહીએ તો સારું.'' "પણ એ તો બહુ દૂર છે," કેતકી બોલી, "છોકરાઓને તકલીફ પડશે." "હેમંત ગાડી લઈને જશે ને શશીને આપણે સ્કૂટર અપાવી દઈશું, પછી વાંધો નહીં. આપણે ક્યાં એકલા બહાર જવાનું હોય છે?" "ભલે," કેતકીએ કહ્યું, "એમ કરીએ. હું અત્યારે જ રાજુને ફોન કરીને પૂછી લઉં છું."

કેતકીએ તરત જ એની બહેનના દીકરા ને કર્મકાંડનું કામ કરતા રાજુને ફોન લગાડ્યો. રાજુએ આવતા રવિવારે સારું મુહૂર્ત છે એમ કહ્યું એટલે નરેનભાઈએ એને આવી જવાનું કહ્યું.

પછી તો ઝટપટ વાસ્તુની તૈયારી ચાલી. દરમ્યાન શશીને નવું સ્કૂટર નરેનભાઈએ અપાવી દીધું. બધી બહેનો લગભગ અમદાવાદમાં જ હતી ને ભાઈ પણ અમદાવાદમાં જ હતો એટલે નરેનભાઈએ બધાને રવિવારે સવારથી ફ્લેટ પર આવી જવાનું કહી દીધું.

રવિવાર પહેલાં જ ટેમ્પો ભાડે કરીને નરેનભાઈએ સામાન વડસરના ફ્લેટમાં ફેરવી નખાવ્યો. કલર તો સરસ જ હતો ને હવા-ઉજાસ પણ સરસ હતા. પાણી પણ ચોવીસ કલાક આવતું હતું એટલે કેતકીબહેનને લાગ્યું કે, રહેવાની મઝા પડશે.

રવિવારે વાસ્તુ પત્યું ને એમના મીતાબહેને નરેનભાઈને એક સલાહ આપી.

"નરેનભે," મીતાબહેને કહ્યું, "આટલા પૈસા આવ્યા છે તો ચાર-ધામની જાત્રા છોકરાઓને લઈને કરી આવો. ચાલો, અમે પણ સાથે આવીશું."

બધાં ખુશ થઈ ગયાં. હેમંતે એના મિત્ર દ્વારા ચારધામની યાત્રા નક્કી કરી. બન્ને કુટુંબના પાંચ લાખ થતા હતા. મીતાબહેને અઢી લાખ આપ્યા ને નરેનભાઈએ અઢી લાખ આપ્યા ને હેમંત અને શશીએ દસ દિવસની રજા મૂકી અને ચારધામની યાત્રા શરૂ થઈ ને શાંતિથી પૂરી પણ થઈ.

હવે નવા ફ્લેટમાં નરેનભાઈને મોટા ટી.વી.નો શોખ થયો. એમણે ૬૫ ઈંચનું થ્રી.ડી. ટી.વી. લગભગ દોઢેક લાખમાં ખરીદી લીધું.

હવે નરેનભાઈને નવી ગાડીનો શોખ થયો. એમણે પેલી સફેદ ગાડી એક્સચેન્જમાં આપીને ઉપરથી છ લાખ રૂપિયા આપીને નવી ગાડી લઈ લીધી. નરેનભાઈ તો મણિનગર હતા ત્યારે શશીએ એમને ગાડી ચલાવતા શીખડાવી દીધેલું ને એમનું લાયસન્સ પણ આવી ગયેલું, એટલે નવી ગાડી લઈને ચારે જણા ભીમનાથ દર્શને ગયા ને હસુભાઈ પાસે ગાડીની પૂજા કરાવી. "એક વાત કહું?" કેતકીએ ભીમનાથથી આવ્યા પછી રાત્રે નરેનભાઈને કહ્યું. "કહે ને, શું કહેવું છે?" નરેનભાઈ બોલ્યા. "તમે તો પૈસા ઉડાડવા જ માંડ્યા છો," કેતકી બોલી, "એના કરતાં આપણે ફિક્સ કરાવી નાખીએ તો?" "તો તો સારું," નરેનભાઈ બોલ્યા, "આપણે એમ કરીએ, વસ્ત્રાપુર આઈ.આઈ.એમ.ની પોષ્ટઓફિસમાં એવી ફિક્સ કરાવીએ કે, દર ત્રણ મહિને આપણને રકમ મળે. નવ લાખ ત્યાં મૂકીએ તો દર ત્રણ મહિને વીસેક હજાર રૂપિયા મળે, જે વાપરવા કામ લાગે."

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

"ને એક નવ લાખની રકમ મારા નામે બેન્કમાં મૂકો, એટલે તમારા હાથમાં ન આવે. સમજ્યા?"

"સારું, સારું" નરેનભાઈ હસ્યા, "કાલે જ બન્ને જગ્યાએ હું કામ પતાવી દઈશ." બીજા દિવસે વડસરથી નરેનભાઈ બસમાં વસ્ત્રાપુર ગયા ને પોષ્ટઓફિસમાં નવ લાખ રૂપિયાની ફિક્સ કરી દીધી, વળતા વડસરની નજીક લપકામણમાં બેન્કમાંથી ખાતું ખોલવાનું ફોર્મ લઈ આવ્યા. ઘેર આવીને કેતકીની સહી લઈને એમણે એ બેન્કમાં ખાતું ખોલાવીને નવ લાખ રૂપિયા મૂકી દીધા.

હવે નરેનભાઈ લગભગ ખાલી થઈ ગયા હતા પણ પેન્શન વધતું જતું હતું એટલે રહેવામાં કોઈ પણ પ્રકારની તકલીફ નહોતી પડતી. "પપ્પા," હેમંતે એક દિવસ કહ્યું, "આપણે આવતા મહિને દુબાઈ ફરવા જઈએ? બહુ બધા લોકો જાય છે." "કેટલો ખર્ચ થાય બેટા?" નરેનભાઈએ પૂછ્યું. "એક જણના પાંત્રીસ હજારમાં મારો મિત્ર છ દિવસની ટૂર કરાવશે. બધો જ ખર્ચ એમાં આવી ગયો." "એટલે આપણાં બધાંના થઈને પોણા બે લાખ થાય, બરાબર ?" નરેનભાઈ બોલ્યા.

"હા પપ્પા," હેમંત બોલ્યો, "એમાં પ્લેનભાડું ને હોટેલ એ બધું આવી ગયું." નરેનભાઈ થોડી વાર ગણતરીમાં પડ્યા. હજી એમની પાસે ખાતામાં પાંચેક લાખ પડ્યા હતા, જેની એમણે કેતકીને પણ જાણ નહોતી કરી!

"હું નથી જવું," કેતકી બોલી, "હવે આવતા વરસે તો આ ત્રણેના લગ્ન ઉકેલશું એમાં પૈસા થશે ને?"

"એ તો તારા ખાતામાં નવ લાખ એટલા માટે જ મૂક્યા છે," નરેનભાઈ બોલ્યા, "તું ચિંતા ન કર, દુબાઈના પૈસા છે મારી પાસે."

નક્કી થઈ ગયું, ને બધાં દુબાઈ ફરી પણ આવ્યાં. જો કે છ મહિના પછી શશીએ થાઈલેન્ડની વાત કરી ને પાંચે જણા થાઈલેન્ડ પણ ફરી આવ્યાં!

દર ત્રણ મહિને નરેનભાઈ પોષ્ટઓફિસના એ.ટી.એમ. દ્વારા પૈસા ઉપાડતા હતા ને એ વીસ હજાર એમને સારા ખપમાં આવતા. ડિસેમ્બરના એન્ડમાં એમના કાર્ડની મુદત પૂરી થઈ ગઈ એટલે નવા કાર્ડ માટે છેક વસ્ત્રાપુર જવું પડ્યું.

પોષ્ટઓફિસમાંથી કહેવામાં આવ્યું-તમારું કાર્ડ ઘેર આવી જશે પણ એક્ટીવેટ કરાવવા અહીં આવવું પડશે.

નરેનભાઈ બપોરના ઘેર આવ્યા ત્યારે થાકી ગયા હતા.વીસ દિવસ પછી મદ્રાસ પોષ્ટઓફિસમાંથી એમનું કાર્ડ રવાના થયું છે એવો મેસેજ આવ્યો. એના સાત દિવસ પછી સાંતેજ પોષ્ટઓફિસથી મેસેજ આવ્યો-તમારું કાર્ડ ડિલીવર થઈ શક્યું નથી!

નરેનભાઈ મૂંઝાયા. હવે શું કરવું? એમણે એમના કાકાના દીકરા મનુભાઈને ફોન કરીને બીજા દિવસે આવવાનું કહ્યું. મનુભાઈ ગાડી લઈને આવ્યા એટલે બન્ને જણા ગાડી લઈને ગુગલમાં સાંતેજ પોષ્ટઓફિસ સર્ચ કરીને ત્યાં ગયા.

નસીબજોગે ત્યાં એમની નજીકની દંતાલી પોષ્ટ ઓફિસનો પોષ્ટમેન હાજર હતો. એણે કહ્યું કે, બે કવર આવ્યા છે, પણ દંતાલી પોષ્ટઓફિસમાં પડ્યા છે. ત્યાં પંચાયત ઓફિસમાં જ પોષ્ટ ઓફિસ છે. હું જાઉં છું, તમે પંદરેક મિનિટ પછી ત્યાં આવી જાવ.

માંડ માંડ, નહેરના કાંઠે કાંઠે, સાંતેજ પહોંચેલા મનુભાઈ અને નરેનભાઈએ ગુગલમાં દંતાલી ગ્રામ પંચાયત નાખ્યું ને ગાડી સ્ટાર્ટ કરી. બન્નેને આશ્ચર્ય થયું કે, દંતાલી તો વડસરની નજીક છે ને વડસર તો અહીંથી સાતેક કિલોમીટર થાય, તો પછી આ બાર કિલોમીટર કેમ બતાવતું હશે? કદાચ બીજો રસ્તો હશે એમ મન મનાવીને મનુભાઈએ ગાડી નર્મદા કેનાલના કાંઠે કાંઠે ભગાવી. બપોરનો એક વાગી ગયો હતો, થાક અને ભૂખ ઘેરી વળેલા બન્નેને. અંતે, દંતાલીનું બોર્ડ આવ્યું ને ગામમાં જતાં જ ગ્રામ પંચાયતનું લાલ રંગનું બોર્ડ દેખાયું. હાશકારો અનુભવીને મનુભાઈએ ગાડી બંધ કરી ને પોષ્ટમેનની રાહ જોઈને બેઠા. લગભગ વીસેક મિનિટ સુધી પોષ્ટમેન ન દેખાયો. અચાનક નરેનભાઈને યાદ આવ્યું સાંતેજથી નીકળતી વખતે એમણે પોષ્ટમેનનો નંબર લીધેલો ! એમણે તરત જ ફોન જોડ્યો. "હેલો," નરેનભાઈ બોલ્યા, "અમે દંતાલી પોષ્ટઓફિસના ગેટ પાસે ક્યારના ઊભા છીએ." "પણ હું તો ગેટ પાસે જ તમારી રાહ જોઉં છું," પોષ્ટમેન બોલ્યો, "તમે ક્યાં ઊભા છો?" "બિલકુલ ગેટ પર," નરેનભાઈ બોલ્યા, "પંચાયતનું લાલ રંગનું બોર્ડ" "અરે સાહેબ,"નરેનભાઈને અટકાવીને પોષ્ટમેન બોલ્યો, "તમે ગાંધીનગરના દંતાલી પહોંચી ગયા છો, આપણું વડસર પાસે અમદાવાદનું દંતાલી છે, હવે ત્યાં આવી જાવ જલ્દી." નિરાશ થઈને મનુભાઈએ ફરી ગાડી ઉપાડી નહેરના કાંઠે કાંઠે ફરી પાછા એમણે ગાડી ભગાવી ત્યારે બપોરના બે વાગ્યા હતા. દંતાલી પંચાયતે પહોંચતા પોણા ત્રણ વાગ્યા. પોષ્ટમેને એમને બન્ને કવર આપ્યાં ને બન્ને ત્યાંથી વડસર જવા રવાના થયા. પંદરેક મિનિટમાં નરેનભાઈ ઘેર પહોંચ્યા ત્યારે સવા ત્રણ વાગ્યા હતા. કેતકીએ તરત જ જમવાનું પીરસી દીધું ને બન્ને જમવા બેઠા.

જમીને બન્ને સોફા પર બેઠા ને નરેનભાઈના મોબાઈલમાં મદ્રાસ પોષ્ટઓફિસમાંથી મેસેજ આવ્યો - તમારું કાર્ડ ટેક્નિકલ કારણોસર બ્લોક કરી દેવામાં આવ્યું છે, હવે થોડા દિવસમાં તમને બીજું કાર્ડ મોકલાશે!

નરેનભાઈ અને મનુભાઈની સ્થિતિ એ વખતે જોવા જેવી થઈ ગઈ હતી! એ વર્ણવવા શબ્દો ઓછા પડે, માત્ર ઈશારામાં જ સમજી જવાનું!

(શીર્ષક પંક્તિ: દીપક વાલેરા)




**તમે ગાંધીનગરના દંતાલી પહોંચી ગયા છો, આપણું વડસર પાસે અમદાવાદનું દંતાલી છે, હવે ત્યાં આવી જાવ જલ્દી.**